रजिस्ट्री संख्या/जीजेनआर/2

**REGISTERED NO. G/GNR/1**

રજિસ્ટર નંબર જી/જીએનઆર/૨

# भारत का राजपत्र
# The Gazette of India
# ભારતનું રાજપત્ર

असाधारण
**EXTRAORDINARY**
અસાધારણ

भाग–8 खण्ड–1
**PART VIII Section I**
ભાગ ૮ વિભાગ-૧

प्राधिकारसे प्रकाशित
**PUBLISHED BY AUTHORITY**
અધિકારથી પ્રકાશિત

नं.-1 ] नई दिल्ली, सोमवार, 19 दिसम्बर, 1994/28 अग्रहायण, 1916 ( शक ) [ खंड-10
**No.-1] NEW DELHI, MONDAY, DECEMBER 19, 1994/28 AGRAHAYAN, 1916 (SAKA) [Vol-10**
અંક-૧] નવી દિલ્હી, સોમવાર, ૧૯ ડિસેમ્બર, ૧૯૯૪/૨૮ અગ્રહાયણ, ૧૯૧૬ (શક) [વોલ્યુમ-૧૦

इस भागमें भिन्न पृष्ट संख्या दी जाती है, जिस की यह अलग संकलन के रूप में रखा जा सके
Separate paging is given to this Part in order that it
may be filed as a separate compilation.
આ ભાગને અલગ પાના નંબર આપેલ છે, જેથી તે અલગ સંગ્રહ તરીકે ફાઇલ કરી શકાશે.

विधि, न्याय और कंपनी कार्य मंत्रालय

( विधायी विभाग )

नई दिल्ली, 19 दिसम्बर, 1994/28 अग्रहायण, 1916 ( शक )

( 1 ) दि शिड्युल्ड कास्ट एन्ड शिड्युल्ड ट्राइब्स ( प्रिवेन्शन ओफ अेट्रोसीटीझ ) एक्ट, 1989 ( सन 1989 का अधिनियम संख्यांक 33 ), ( 2 ) दि हिन्दु मेरेज एक्ट, 1955 ( सन 1955 का अधिनियम संख्यांक 25 ), ( 3 ) दि जुवेनाइल जस्टिस एक्ट, 1986 ( सन 1986 का अधिनियम संख्यांक 53 ), ( 4 ) दि प्रिवेन्शन आफ करप्शन एक्ट, 1988 ( सन 1988 का अधिनियम संख्यांक 49 ) के निम्नलिखित गुजराती अनुवाद राष्ट्रपति के प्राधिकार से प्रकाशित किये जाते है और प्राधिकृत पाठ ( केन्द्रीय विधि ) अधिनियम, 1973 ( सन 1973 का 50 ) की धारा 2 के खंड ( क ) के अधीन उसके गुजराती भाषा में प्राधिकृत पाठ समझे जाएंगे :-

अ. सा. गेझेट-भाग-8-2181-1 (Price Rs. 5.00)

## MINISTRY OF LAW, JUSTICE AND COMPANY AFFAIRS

## (Legislative Department)

New Delhi, dated 19th December, 1994 / 28 AGRAHAYAN, 1916 (SAKA).

The Translations in Gujarati of the following, namely :-(1) The Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, (33 of 1989), (2) The Hindu Marriage Act, 1955 (25 of 1955), (3) The Juvenile Justice Act, 1986 (53 of 1986), (4) The Prevention of Corruption Act, 1988 (49 of 1988) are hereby published under the authority of the President and shall be deemed to be Authoritative Texts thereof in Gujarati under clause (a) of section 2 of the Authoritative Translations (Central Laws) Act, 1973 (50 of 1973).

## વિધિ, ન્યાય અને કંપની કાર્ય મંત્રાલય

## ( વિધાયી વિભાગ )

નવી દિલ્હી, ૧૯ ડિસેમ્બર, ૧૯૯૪/૨૮ અગ્રહાયણ,૧૯૧૬ (શક).

(૧) ધી શિડ્યુલ્ડ કાસ્ટસ એન્ડ શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ (પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીઝ) એક્ટ, ૧૯૮૯(સન ૧૯૮૯નો અધિનિયમ ક્રમાંક ૩૩), (૨) ધી હિંદુ મેરેજ એક્ટ, ૧૯૫૫ (સન ૧૯૫૫ નો અધિનિયમ ક્રમાંક ૨૫), (૩) ધી જુવેનાઇલ જસ્ટીસ એક્ટ, ૧૯૮૬ (સન ૧૯૮૬ નો અધિનિયમ ક્રમાંક ૫૩), (૪ ) ધી પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ (સન ૧૯૮૮ નો અધિનિયમ ક્રમાંક ૪૯), નું ગુજરાતી ભાષાંતર આથી રાષ્ટ્રપતિના પ્રાધિકાર હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને પ્રાધિકૃત પાઠ (કેન્દ્રિય કાયદા) અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩ ના ૫૦મા) ની કલમ ૨ ના ખંડ (ક) હેઠળ તે, તેના પ્રાધિકૃત ગુજરાતી પાઠ છે એમ ગણાશે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯

## અનુક્રમણિકા

### પ્રકરણ ૧

### પ્રારંભિક

કલમ

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.
૨. વ્યાખ્યાઓ.

### પ્રકરણ ૨

### અત્યાચારોના ગુનાઓ.

૩. અત્યાચારોના ગુનાઓ માટેની શિક્ષા.
૪. ફરજમાં ગફલત કરવા બદલ શિક્ષા.
૫. ફરી વખત દોષિત ઠરવા બદલ વધુ શિક્ષા બાબત.
૬. ભારતના ફોજદારી અધિનિયમની અમુક જોગવાઈઓ લાગુ પાડવા બાબત.
૭. અમુક વ્યક્તિઓની મિલકત જપ્ત કરવા બાબત.
૮. ગુનાઓ સંબંધી અનુમાન.
૯. સત્તા સોંપવા બાબત.

### પ્રકરણ ૩

### હદપાર કરવા બાબત

૧૦. ગુનો કરવાનો સંભવ હોય તે વ્યક્તિને દૂર કરવા બાબત.
૧૧. કોઈ વ્યક્તિ, તેના વિસ્તારમાંથી દૂર ન થાય અને દૂર કર્યા પછી ફરી દાખલ થાય ત્યારે કાર્યરીતિ.
૧૨. જેની વિરૂધ્ધ કલમ ૧૦ હેઠળ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિઓના માપ અને ફોટોગ્રાફ વગેરે લેવા બાબત.
૧૩. કલમ ૧૦ હેઠળના હુકમના અપાલન માટે શિક્ષા.

### પ્રકરણ ૪

### વિશેષ ન્યાયાલયો.

૧૪. વિશેષ ન્યાયાલય.
૧૫. વિશેષ પબ્લિક પ્રોસિક્યુટર.

### પ્રકરણ ૫

### પ્રકીર્ણ.

૧૬. સામુહિક દંડ નાંખવાની રાજ્યસરકારની સત્તા.
૧૭. કાયદો અને વ્યવસ્થાતંત્રે નિવારક પગલાં લેવા બાબત.
૧૮. અધિનિયમ હેઠળ ગુનો કરતી વ્યક્તિઓને કોડની કલમ ૪૩૮ લાગુ પડશે નહિ.
૧૯. કોડની કલમ ૩૬૦ અથવા ગુનેગાર પ્રોબેશન અધિનિયમની જોગવાઈઓ આ અધિનિયમ હેઠળના ગુના બદલ દોષિત વ્યક્તિઓને લાગુ પડશે નહિ.
૨૦. અધિનિયમ અન્ય કાયદાઓની ઉપરવટ રહેશે.
૨૧. અધિનિયમનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવાની સરકારની ફરજ.
૨૨. શુધ્ધબુધ્ધિથી લીધેલાં પગલાં અંગે રક્ષણ.
૨૩. નિયમો કરવાની સત્તા.

---

## અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯.

(સન ૧૯૮૯નો અધિનિયમ ક્રમાંક-૩૩)

(૧૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯)

સન ૧૯૯૩ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અમલમાં હોય તે પ્રમાણે)

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યો વિરુધ્ધના અત્યાચારના ગુના થતા અટકાવવા માટે આવા ગુનાની ઈન્સાફી કાર્યવાહી માટે વિશેષ ન્યાયાલયો માટેની અને આવા ગુનાની ભોગ બનેલી વ્યક્તિઓના રાહત અને પુનરુત્થાન માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા માટેનો અધિનિયમ.

સંસદ ભારતના ગણરાજ્યના ચાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરે છે :—

### પ્રકરણ—૧

### પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ 'અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યારચાર નિવારણ) અધિનિયમ. ૧૯૮૯' કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય, સમગ્ર ભારતને લાગુ પડે છે.

(૩) તે, કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નકકી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,— વ્યાખ્યાઓ

સન ૧૯૭૨નો ૨જો. (ક) "અત્યાચાર" એટલે કલમ ૩ હેઠળ શિક્ષાપાત્ર ગુનો ;

(ખ) "કોડ" એટલે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩;

(ગ) "અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ" નો અર્થ, સંવિધાનની કલમ ૩૬૬ના ખંડ (૨૪) અને ખંડ (૨૫) હેઠળ અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે ;

(ઘ) "વિશેષ ન્યાયાલય" એટલે કલમ ૧૪માં વિશેષ ન્યાયાલય તરીકે નિર્દિષ્ટ કરેલ સેશન ન્યાયાલય ;

(ચ) "વિશેષ પબ્લિક પ્રોસિક્યુટર" એટલે કલમ--૧૫ માં ઉલ્લેખ કરેલ વિશેષ પબ્લીક પ્રોસિકયુટર અથવા એડવોકેટ તરીકે નિર્દિષ્ટ કરેલ પબ્લિક પ્રોસિક્યુટર ;

(છ) આ અધિનિયમમાં વાપરેલા પણ જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા અને કોડમાં અથવા ભારતના ફોજદારી અધિનિયમમાં વ્યાખ્યા કરવામાં આવી હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, યથાપ્રસંગ અનુક્રમે કોડના અથવા ભારતના ફોજદારી અધિનિયમમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે. સન ૧૮૬૦નો ૪૫મો.

(૨) કોઈ કાયદા અથવા તેની કોઈ જોગવાઈ સંબંધી આ અધિનિયમમાં કોઈ સંદર્ભ, જે વિસ્તારમાં આવો કાયદો અથવા આવી જોગવાઈ અમલમાં ન હોય તે વિસ્તારના સંબંધમાં તે વિસ્તારમાં કોઈ તત્સમાન કાયદો, અમલમાં હોય તો તેના સંદર્ભ તરીકે છે એમ સમજવું.

### પ્રકરણ—૨

### અત્યાચારોના ગુનાઓ

૩. (૧) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઈ વ્યકિત,— અત્યાચારોના ગુનાઓ માટેની શિક્ષા

(૧) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને કોઈ અખાદ્ય અથવા ધૃણાસ્પદ પદાર્થ પીવા અથવા ખાવા માટે જબરદસ્તી કરે ;

(૨) પ્રાણીનાં મળ-મૂત્ર, બગડી ગયેલા પદાર્થ, પશુના મડદાં, અથવા અન્ય કોઈ ધૃણાસ્પદ પદાર્થ તેની જગામાં કે પડોશમાં ગમે ત્યાં નાંખી દઈને, અનુસૂચિતજાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યને હાનિ, અપમાન કે ત્રાસ કરવાના આશયથી કૃત્ય કરે ;

(૩) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની કોઈ વ્યકિતના શરીર પરનાં કપડાં બળપૂર્વક ઉતારે અથવા નગ્ન કરીને અથવા તેનો ચહેરો કે શરીર રંગીને પરેડ કરાવે અથવા તેના જેવું માનવગૌરવનું અપમાન થાય તેવું કોઈ કૃત્ય કરે;

(૪) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યની માલિકીની અથવા તેને ફાળવેલી અથવા એવા સભ્ય કોઈ યોગ્ય સત્તાધિકારીએ ફાળવવા માટે જાહેર કરેલી કોઈ જમીનનો ગેરકાયદે ભોગવટો કરે અથવા તેમાં ખેતી કરે અથવા તેને ફાળવેલી જમીન નામફેર કરાવી લે;

(૫) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યને તેની જમીન કે જગાના કબજામાંથી ગેરકાયદે હટાવે અથવા કોઈ જમીન, જગા અથવા પાણી બાબતે તેના હકોના ભોગવટામાં દખલગીરી કરે;

(૬) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને, સરકારે નિશ્ચિત કરેલ જાહેર હેતુઓ માટેની કોઈ ફરજિયાત સેવા સિવાય, વેઠ અથવા તેવા પ્રકારની બીજી બળજબરી પૂર્વકની કે બંધનયુકત મજૂરી કરવાની ફરજ પાડે અથવા લલચાવે;

(૭) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને કોઈ અમુક ઉમેદવારને મત ન આપવા કે આપવા અથવા કાયદાથી જોગવાઈ કરેલી હોય તે સિવાયની બીજી રીતે મત આપવા દબાણ કરે અથવા ધાક-ધમકી આપે;

(૮) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્ય સામે ખોટો, દ્વેષપૂર્ણ અથવા ત્રાસદાયક દાવો અથવા ફોજદારી કે અન્ય કાનૂની કાર્યવાહી શરૂ કરે;

(૯) કોઈ રાજ્ય સેવકને ખોટી અથવા તુચ્છ માહિતી આપે અને તે દ્વારા એવા રાજ્યસેવકને તેની કાયદેસરની સત્તાનો ઉપયોગ, અનુસૂચિતજાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને હાનિ અથવા ત્રાસ આપવા માટે કરાવે;

(૧૦) લોકોની દૃષ્ટિમાં આવી જતા કોઈ સ્થળે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને હલકા પાડવાના આશયથી ઈરાદા પૂર્વક અપમાનિત કરે અથવા ધાકધમકી આપે;

(૧૧) અનુસુચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની કોઈ સ્ત્રીને અપમાનિત કરવા કે તેની આબરૂ લેવાના ઈરાદાથી તેણીના પર હુમલો કરે કે બળપ્રયોગ કરે;

(૧૨) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિતજાતિની સ્ત્રીની ઈચ્છા ઉપર આધિપત્ય ધરાવવાની સ્થિતિમાં હોવાને કારણે તેવી સ્થિતિનો અન્યથા તેણી સંમત થઈ ન હોત તેવી રીતે જાતિય શોષણ માટે ઉપયોગ કરે;

(૧૩) અનુસૂચિતજાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યો સામાન્ય રીતે ઉપયોગ કરતા હોય તેવા ઝરાના, જળાશયના અથવા અન્ય કોઈ જલસ્થાનના પાણીને દૂષિત કરે અથવા મેલું કરે જેથી કરીને સામાન્ય રીતે તેઓ ઉપયોગ કરતા હોય તે હેતુ માટે પાણી ઓછું લાયક બને;

(૧૪) અનુસુચિત જાતિ અથવા અનુસુચિત આદિજાતિના સભ્યનો, જાહેર આશ્રય સ્થાનમાં આવવા જવાના કોઈ રુઢિગત હકનો ઈન્કાર કરે અથવા જે જાહેર આશ્રય સ્થાનમાં જનતાના કે તેના કોઈ ભાગના અન્ય સભ્યોને તેનો ઉપયોગ કરવાનો કે આવવા જવાનો હક હોય તે જાહેર આશ્રયસ્થાનનો ઉપયોગ કરવામાં કે આવવા જવામાં તેને અટકાવી શકાય તે માટે તેવા સભ્યને અડચણ કરે;

(૧૫) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યને તેનું ઘર, ગામ અથવા તેવી બીજા નિવાસસ્થાનની જગા છોડવા દબાણ કરે અથવા છોડાવડાવે,—

તે વ્યકિત, છ મહિના કરતાં ઓછી નહિ પણ પાંચ વર્ષ સુધીની મુદતની કેદની અને, દંડની સજાને પાત્ર થશે.

(૨) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઈ વ્યકિત,—

(૧) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યને, તત્સમય પૂરતા અમલમાં હોય તેવા કાયદાથી મૃત્યુ દંડના હોય તેવા ગુના બદલ દોષિત ઠરાવવાના આશયથી અથવા તેમ કરવાથી તે દોષિત ઠરવાનો સંભવ છે એમ જાણીને, ખોટો પુરાવો આપે અથવા ઉભો કરે તેને આજીવન કેદની અને દંડની સજા થશે; અને જો અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ નિર્દોષ સભ્યને, એવા ખોટા અને ઉભા કરેલા પુરાવાને પરિણામે દોષિત ઠેરવવામાં આવે અને ફાંસી આપવામાં આવે તો, જે વ્યકિત એવો ખોટો પુરાવો આપે કે ઉભો કરે તેને મોતની સજા કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યને મૃત્યુદંડની સજાને પાત્ર ન હોય પરંતુ સાત વર્ષ કે તેથી વધુ મુદત સુધીની કેદની સજાને પાત્ર હોય તેવા ગુના બદલ દોષિત ઠરાવવાના આશયથી અથવા તેમ કરવાથી તે દોષિત ઠરવાનો સંભવ છે એમ જાણીને ખોટો પુરાવો આપે અથવા ઉભો કરે તેને છ મહિના કરતાં ઓછી નહિ તેટલી પરંતુ સાત વર્ષ કે તેથી વધુ મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે;

(૩) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કોઈ સભ્યની કોઈ મિલકતને નુકશાન કરવાના ઈરાદાથી અથવા તેમ કરવાથી મિલકતને નુકશાન થશે એમ જાણીને આગથી અથવા કોઈ સ્ફોટક પદાર્થથી બગાડ કરે તેને છ મહિના કરતાં ઓછી નહિ તેટલી પરંતુ સાત વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષા થશે;

(૪) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્ય, સામાન્યતઃ જે મકાનનો પ્રાર્થના-પૂજાના સ્થળ તરીકે અથવા માનવ—રહેઠાણ માટેના સ્થળ તરીકે અથવા મિલકતની જાળવણી માટેના સ્થળ તરીકે ઉપયોગ કરતા હોય તેવા કોઈ મકાનનો નાશ કરવાના ઈરાદાથી અથવા તેમ કરવાથી તે મકાનનો નાશ થશે એમ જાણીને આગ અથવા કોઈ સ્ફોટક પદાર્થથી ઉપદ્રવ કરે તેને આજીવન કેદની અને દંડની શિક્ષા થશે;

સન ૧૮૬૦ નો ૪૫મો. (૫) કોઈ વ્યકિત અનુસૂચિતજાતિ અથવા અનુસૂચિત આદિઆદિજાતિની સભ્ય છે અથવા કોઈ મિલકત તેવી કોઈ સભ્યની માલિકીની છે એ કારણસર તેવી વ્યકિત કે મિલકત વિરૂધ્ધ, દશ વર્ષની મુદતની અથવા વધુ મુદતની કેદની સજાને પાત્ર ભારતના ફોજદારી અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કરે તેને, આજીવન કેદની અને દંડની શિક્ષા થશે ;

(૬) આ પ્રકરણ હેઠળ ગુનો કરવામાં આવ્યો છે એમ જાણતા હોવા છતાં અથવા એમ માનવાને કારણ હોવા છતાં, કાનૂની શિક્ષામાંથી ગુનેગારને બચાવવાના ઈરાદાથી તે ગુનો કર્યાનો પુરાવો નષ્ટ કરે અથવા તેવા ઈરાદાથી, પોતે ખોટી હોવાનું જાણતો હોય અથવા માનતો હોય તેવી ગુના સંબંધી કોઈ માહિતી આપે તેને, તે ગુના માટે ઠરાવેલી શિક્ષા થશે; અથવા

(૭) રાજય સેવક હોવા છતાં, આ કલમ હેઠળ કોઈ ગુનો કરે તેને, એક વર્ષ કરતાં ઓછી નહિ તેટલી પરંતુ તે ગુના માટે ઠરાવેલી શિક્ષા સુધીની મુદત માટે કેદની શિક્ષા થશે.

**ફરજમાં ગફલત કરવા બદલ શિક્ષા.**

૪. જે કોઈ વ્યકિત, રાજયસેવક હોય પરંતુ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય, તે, આ અધિનિયમ હેઠળ પોતે બજાવવાની જરૂરી હોય તેવી પોતાની ફરજોમાં જાણીબૂજીને ગફલત કરે તેને, છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પરંતુ એક વર્ષ સુધીની મુદતની કેદની શિક્ષા થશે.

**ફરી વખત દોષિત ઠરવા બદલ વધુ શિક્ષા બાબત.**

૫. જે કોઈ વ્યકિત, આ પ્રકરણ હેઠળના ગુના માટે અગાઉ દોષિત ઠરી હોય તે દ્વિતીય ગુના અથવા દ્વિતીય ગુના પછીના કોઈ ગુના માટે દોષિત ઠરે, તેને એક વર્ષ કરતાં ઓછી નહિ તેટલી, પરંતુ તે ગુના માટે ઠરાવેલી શિક્ષા સુધીની મુદત માટે કેદની શિક્ષા થશે.

**ભારતના ફોજદારી અધિનિયમની અમુક જોગવાઈઓ લાગુ પાડવા બાબત.**

સન ૧૮૬૦ નો ૪૫મો ૬. આ અધિનિયમની અન્ય જોગવાઈઓને અધીન રહીને, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૩૪, પ્રકરણ--૩, પ્રકરણ--૪, પ્રકરણ--૫, પ્રકરણ--૫ક, કલમ ૧૪૯ અને પ્રકરણ--૨૩ની જોગવાઈઓ. શકય હોય તેટલે સુધી ભારતના ફોજદારી અધિનિયમના હેતુઓ માટે તે લાગુ પડે છે તે રીતે, આ અધિનિયમના હેતુઓ માટે લાગુ પડશે.

**અમુક વ્યકિતઓની મિલકત સરકારે દાખલ કરવા બાબત.**

૭. (૧) કોઈ વ્યકિત, આ પ્રકરણ હેઠળ શિક્ષાનેપાત્ર કોઇ ગુના માટે દોષિત ઠરે ત્યારે, વિશેષ ન્યાયાલય, કોઈ શિક્ષાનો નિર્ણય કરવા ઉપરાંત, લેખિતમાં હુકમ કરીને, એમ જાહેર કરી શકશે કે તે ગુનો કરવામાં ઉપયોગમાં લેવાઈ હોય તેવી તે વ્યકિતની જંગમ અથવા સ્થાવર અથવા બંને મિલકત સરકાર દાખલ થયેલી ગણાશે.

(૨) કોઈ વ્યકિત, આ પ્રકરણ હેઠળના ગુના પૈકી કોઈ ગુના માટે આરોપી હોય ત્યારે, તેનો ઈન્સાફ કરનાર વિશેષ ન્યાયાલય એવો હુકમ ફરમાવી શકશે કે તે વ્યકિતની માલિકીની તમામ અથવા તે પૈકીની અમુક જંગમ કે સ્થાવર અથવા બંને મિલકત આવી ઈન્સાફી કાર્યવાહીની મુદત દરમિયાન, ટાંચમાં લેવી અને એવી ઈન્સાફી કાર્યવાહી દોષિત પૂરવાર કરવામાં પરિણમે ત્યારે, તેવી રીતે ટાંચમાં લીધેલી મિલકત, આ પ્રકરણ હેઠળ કરેલા કોઈ દંડની વસૂલાતના હેતુસારૂ જરૂરી હોય તેટલે સુધી સરકાર દાખલ થવાને પાત્ર થશે.

ગુનાઓ સંબંધી અનુમાન.

૮. આ પ્રકરણ હેઠળના ગુના માટેની ફોજદારી કાર્યવાહીમાં, એમ પુરવાર થાય કે—

(ક) આરોપીને, આ પ્રકરણ હેઠળના ગુના માટે જેના પર તહોમત હોય અથવા ગુનો કર્યાની વાજબી આશંકા હોય તેવી વ્યકિતને કોઈ નાણાંકીય મદદ કરી હતી તો વિશેષ ન્યાયાલયે, વિરૂધ્ધનું પુરવાર થાય તે સિવાય, એવું અનુમાન કરવું જોઈશે કે એવી વ્યકિતએ ગુનો કરવામાં મદદ કરી હતી;

(ખ) આ પ્રકરણ હેઠળ વ્યકિતઓના જૂથે ગુનો કર્યો હતો અને એમ પુરવાર થાય કે કરવામાં આવેલો ગુનો, જમીન અથવા અન્ય કોઈ બાબત સંબંધીની કોઈ ચાલુ તકરારનો પારિણામિક હતો તો એમ માની લેવામાં આવશે કે સમાન ઈરાદો પાર પાડવા અથવા સમાન ધ્યેયને અમલમાં મૂકવા માટે ગુનો કરવામાં આવ્યો હતો.

સત્તા સોંપણી બાબત.

૯. (૧) કોડમાં અથવા આ અધિનિયમની અન્ય કોઈ જોગવાઈમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, તેમ કરવાનું જરૂરી અથવા ઈષ્ટ ગણે તો,—

(ક) આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો નિવારવા અને પહોંચી વળવા માટે, અથવા

(ખ) આ અધિનિયમ હેઠળના કોઈ કેસ અથવા કેસોના વર્ગ કે જૂથ માટે,

કોઈ જિલ્લામાં કે તેના ભાગમાં રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને; રાજ્ય સરકારના કોઈ અધિકારીને,એવા જિલ્લામાં કે તેના કોઈ ભાગમાં કોડ હેઠળ અથવા યથાપ્રસંગ એવા કેસ અથવા કેસોના વર્ગ કે જૂથ માટેની પોલીસ અધિકારી વાપરી શકે તેવી સત્તા અને ખાસ કરીને, ગિરફતારની, તપાસની અને વિશેષ ન્યાયાલય સમક્ષ વ્યકિતઓ સામે કામ ચલાવવા માટેની સત્તા સોંપી શકશે.

(૨) પોલીસના તમામ અધિકારીઓએ અને સરકારના અન્ય તમામ અધિકારીઓએ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ કોઈ નિયમ, યોજના કે હુકમની જોગવાઈઓનો અમલ કરવામાં, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ અધિકારીને મદદ કરવી જોઈશે.

(૩) કોડની જોગવાઈઓ, શકય હોય ત્યાં સુધી, પેટા-કલમ (૧) હેઠળ અધિકારીએ વાપરવાની સત્તા બાબતમાં લાગુ પડશે.

## પ્રકરણ ૩

### હદપાર કરવા બાબત

ગુનો કરવાનો સંભવ હોય તે વ્યકિતને દૂર કરવા બાબત

૧૦. (૧) ફરિયાદ અથવા પોલીસ રિપોર્ટ ઉપરથી, વિશેષ ન્યાયાલયને એમ ખાતરી થાય કે સંવિધાનની કલમ૨૪૪ માં ઉલ્લેખિત "અનુસૂચિત વિસ્તારો" અથવા "આદિજાતિ વિસ્તારો" માં સમાવિષ્ટ કોઈ વિસ્તારમાં કોઈ વ્યકિત, આ અધિનિયમના પ્રકરણ ૨ હેઠળ, કોઈ ગુનો કરે એવો સંભવ છે ત્યારે, તે ન્યાયાલય લેખિત હુકમ કરીને, સદરહુ વ્યકિતને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વિસ્તારની હદ બહાર, તેવા માર્ગે અને તેવા સમયની અંદર જતા રહેવા માટે અને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બે વર્ષથી વધુ નહિ તેટલી મુદત સુધી, જે વિસ્તારમાંથી તેને દૂર જતા રહેવાનું ફરમાવ્યું હતું તે વિસ્તારમાં પાછો નહિ ફરવા માટે ફરમાવી શકશે.

(૨) વિશેષ ન્યાયાલય, પેટા-કલમ (૧) હેઠળના હુકમ સાથે, તે, પેટા-કલમ હેઠળ ફરમાવેલ વ્યકિતને જે કારણસર સદરહુ હુકમ કરવામાં આવેલ હોય તેનાં કારણો જણાવશે.

(૩) વિશેષ ન્યાયાલય, એવા હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર, જેની સામે એવો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યકિતએ અથવા તેના વતી અન્ય કોઈ વ્યકિતએ રજૂઆત કર્યેથી કારણોની લેખિત નોંધ કરીને, પેટા કલમ (૧) હેઠળ કરેલ હુકમ રદ કરી અથવા સુધારી શકશે.

કોઈ વ્યકિત, તેવા વિસ્તારમાંથી દૂર ન થાય અને દૂર કર્યા પછી ફરી દાખલ થાય ત્યારે કાર્યરિત

૧૧. (૧) જે વ્યકિતને, કોઈ વિસ્તારમાંથી દૂર થઈ જવા કલમ ૧૦ હેઠળ ફરમાન બહાર પાડયું હોય તે, પેટા કલમ (૨) હેઠળ વિશેષ ન્યાયાલયની લેખિત પરવાનગી લીધી હોય તે સિવાય,—

(ક) ફરમાવ્યા પ્રમાણે પોતે દૂર ન થાય, અથવા

(ખ) પોતે તેવી રીતે દૂર થઈ હોય પણ હુકમમાં જણાવેલ મુદતની અંદર તેવા વિસ્તારમાં દાખલ થાય,

ત્યારે, વિશેષ ન્યાયાલય, તે વ્યકિતની ધરપકડ કરાવશે અને પોલીસ કસ્ટડીમાં પોતે નિર્દિષ્ટ કરે તેવા વિસ્તારની બહારના સ્થળે ખસેડશે.

(૨) વિશેષ ન્યાયાલય, લેખિત હુકમ કરીને, જેના સંબંધમાં કલમ ૧૦ હેઠળ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિને જે વિસ્તારમાંથી તેને દૂર જવાનો આદેશ કરવામાં આવ્યો હોય તે વિસ્તારમાં સદરહુ હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી કામચલાઉ મુદત માટે અને તેવી શરતોને અધીન રહીને, પાછા ફરવાની પરવાનગી આપી શકશે અને મૂકેલી શરતોના ઉચિત પાલન માટે જામીન સહિત કે જામીન વિનાનું બોન્ડ કરી આપવા તેને ફરમાવી શકશે.

(૩) વિશેષ ન્યાયાલય કોઈપણ સમયે આવી પરવાનગી રદ કરી શકશે.

(૪) જે કોઈ વ્યક્તિ, જે વિસ્તારમાંથી તેને દૂર કરવા ફરમાવાયું હતું તે વિસ્તારમાં એવી પરવાનગીથી પાછી ફરે તે વ્યક્તિએ, તેના ઉપર મૂકવામાં આવેલી શરતોનું પાલન કરવું પડશે અને જે કામચલાઉ મુદત માટે તેને પાછા ફરવાની પરવાનગી આપવામાં આવી હતી તે કામચલાઉ મુદત પૂરી થયેથી અથવા આવી કામચલાઉ મુદત પૂરી થયા પહેલાં એવી પરવાનગી રદ થયેથી એવા વિસ્તારમાંથી પોતે દૂર થવું જોઈશે અને નવી પરવાનગી વિના, કલમ ૧૦ હેઠળ નિર્દિષ્ટ કરેલ, પૂરી નહિ થયેલી બાકીની મુદતની અંદર તે વિસ્તારમાં દાખલ થવું, જોઈશે નહિ.

(૫) જો કોઈ વ્યક્તિ, મૂકવામાં આવેલી કોઈ શરતોનું પાલન કરવામાં અથવા તદ્‌નુસાર પોતે દૂર થવામાં ચૂક કરે અથવા તેવી રીતે પોતે દૂર થઈ હોવા છતાં નવી પરવાનગી વિના એવા વિસ્તારમાં દાખલ થાય અથવા પાછી ફરે તો વિશેષ ન્યાયાલય, તેની ધરપકડ કરાવશે અને પોલીસ કસ્ટડીમાં પોતે નિર્દિષ્ટ કરે તેવા વિસ્તારની બહાર આવેલા સ્થળે તેને ખસેડાવશે.

જેની વિરુધ્ધ કલમ-૧૦ હેઠળ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિઓના માપ, અને ફોટોગ્રાફ વગેરે લેવા બાબત.

૧૨. (૧) કલમ ૧૦ હેઠળ જેની વિરુધ્ધ હુકમ કરવામાં આવ્યો હોય તે દરેક વ્યક્તિએ, આવશ્યક લાગે તો, પોલીસ અધિકારી મારફતે તેના માપ અને ફોટોગ્રાફ લેવાનું વિશેષ ન્યાયાલય ફરમાવે તો તેણે તેમ કરવા દેવું જોઈશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી વ્યક્તિને, પોતાનાં માપ કે ફોટોગ્રાફ લેવડાવવાની ફરજ પાડવામાં આવી હોય ત્યારે એવાં માપ કે ફોટોગ્રાફ લેવા દેવામાં પ્રતિકાર કરે અથવા ઈન્કાર કરે ત્યારે, તે લેવા માટે જરૂરી તમામ ઉપાયો યોજવામાં આવે તે કાયદેસર ગણાશે.

સન ૧૮૬૦ નો ૪૫મો.

(૩) પેટા-કલમ (૨) હેઠળ માપ કે ફોટોગ્રાફ લેવામાં પ્રતિકાર કે ઈન્કાર કરવો તે, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૬ હેઠળ ગુનો ગણાશે.

(૪) કલમ ૧૦ હેઠળનો હુકમ ઉઠાવી લેવામાં આવે ત્યારે પેટા-કલમ (૨) હેઠળ લેવામાં આવેલ તમામ માપ અને ફોટોગ્રાફનો (નેગેટિવ સહિત) નાશ કરવો અથવા જેની વિરુધ્ધ એવો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિને તે આપી દેવા.

કલમ-૧૦ હેઠળના હુકમના અપાલન માટે શિક્ષા.

૧૩. કલમ ૧૦ હેઠળ વિશેષ ન્યાયાલયના હુકમનું ઉલ્લંઘન કરનાર કોઈ વ્યક્તિ, એક વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે.

## પ્રકરણ—૪

## વિશેષ ન્યાયાલયો

વિશેષ ન્યાયાલય.

૧૪. ઝડપી ઈન્સાફી કાર્યવાહીના હેતુ માટે, રાજ્ય સરકાર, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી, રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને, દરેક જિલ્લા માટે સેશન ન્યાયાલયને, આ અધિનિયમ હેઠળના ગુનાની કાર્યવાહી કરવા માટેના વિશેષ ન્યાયાલય તરીકે નિર્દિષ્ટ કરશે.

વિશેષ પબ્લિક પ્રોસિક્યુટર.

૧૫. દરેક વિશેષ ન્યાયાલય માટે, રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામું બહાર પાડીને, તે ન્યાયાલયમાંના કેસો ચલાવવાના હેતુ માટે પબ્લિક પ્રોસીક્યુટર તરીકે નિર્દિષ્ટ કરશે અથવા વિશેષ પબ્લિક પ્રોસીક્યુટર તરીકે સાત વર્ષ કરતાં ઓછી ન હોય તેટલી મુદત સુધી એડવોકેટ તરીકે પ્રેક્ટીસ કરતા હોય તેવા એડવોકેટને નીમશે.

## પ્રકરણ—૫

## પ્રકીર્ણ

સન ૧૯૫૫ નો ૨૨મો.

સામૂહિક દંડ નાખવાની રાજ્ય સરકારની સત્તા.

૧૬. નાગરિક હક રક્ષણ અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૧૦ કની જોગવાઈઓ, શક્ય હોય ત્યાં સુધી, સામૂહિક દંડ નાંખવા અને વસૂલ કરવાના હેતુ માટે અને આ અધિનિયમ હેઠળ તે સાથે સંકળાયેલી અન્ય તમામ બાબતો માટે લાગુ પડશે.

કાયદો અને વ્યવસ્થા તંત્રે નિવારક પગલાં લેવા બાબત.

૧૭. (૧) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અથવા બીજા કોઈ વહીવટી મેજિસ્ટ્રેટ અથવા નાયબ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પોલીસ અધિકારીને, માહિતી મળતાં અને પોતાને યોગ્ય જણાય તેવી તપાસ કર્યા પછી, એમ માનવાને કારણ હોય કે પોતાની હકૂમતમાંની સ્થાનિક હદોમાંના કોઈ સ્થળમાં રહેતી અથવા અવારનવાર મુલાકાત લેતી, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની ન હોય તેવી વ્યકિત અથવા વ્યકિતઓનું જૂથ આ અધિનિયમ હેઠળનો ગુનો કરે એવો સંભવ છે અથવા તેણે કોઈ ગુનો કરવાની ધમકી આપી છે અને પોતાનો એવો અભિપ્રાય હોય કે કાર્યવાહી કરવા માટે પૂરતાં કારણ છે, ત્યારે એવા વિસ્તારને અત્યાચારના વલણવાળા વિસ્તાર તરીકે તે જાહેર કરી શકશે અને શાંતિ તથા સદ્વર્તન રાખવા અને જાહેર વ્યવસ્થા તથા પ્રશાન્ત વાતાવરણની જાળવણી માટે જરૂરી કાર્યવાહી કરી શકશે અને પ્રતિબંધક પગલાં લઈ શકશે.

(૨) કોડના પ્રકરણો ૮, ૧૦ અને ૧૧ની જોગવાઈઓ, શકય હોય તેટલે સુધી, પેટા-કલમ (૧)ના હેતુઓ માટે લાગુ પડશે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, જે રીતે અત્યાચાર અટકાવવા માટે અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યોમાં સલામતીની લાગણી પુન:સ્થાપિત કરવા માટે, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ અધિકારીઓએ, એવી યોજના કે યોજનાઓમાં નિર્દિષ્ટ કરેલાં યોગ્ય પગલાં લેવાં જોઈશે તે રીત નિર્દિષ્ટ કરતી એક અથવા વધુ યોજનાઓ કરી શકશે.

અધિનિયમ હેઠળ ગુનો કરતી વ્યકિતઓને કોડની કલમ ૪૩૮ લાગુ પડશે નહિ.

૧૮. કોડની કલમ ૪૩૮નો કોઈ મજકૂર, આ અધિનિયમ હેઠળ ગુનો કર્યાના તહોમત ઉપરથી, કોઈ વ્યકિતની ધરપકડ માટેની સંડોવણી થતી હોય તેવા કોઈ કેસના સંબંધમાં લાગુ પડશે નહિ.

કોડની કલમ ૩૬૦ અથવા ગુનેગાર પ્રોબેશન અધિનિયમની જોગવાઈઓ આ અધિનિયમ હેઠળના ગુના બદલ દોષિત વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧૯. કોડની કલમ ૩૬૦ની જોગવાઈઓ અને ગુનેગાર પ્રોબેશન અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઈઓ, આ અધિનિયમ હેઠળનો ગુનો કરવા બદલ દોષિત જણાયેલ, અઢાર વર્ષથી ઉપરની ઉંમરની કોઈ વ્યકિતને લાગુ પડશે નહિ. સન ૧૯૫૮નો ૨૦મો.

અધિનિયમ અન્ય કાયદાઓની ઉપરવટ રહેશે.

૨૦. આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, તત્સમય પૂરતા અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં તેની સાથે અસંગત કોઈપણ મજકૂર હોય અથવા એવા કોઈ કાયદાની રૂએ અમલમાં હોય તેવા કોઈ રિવાજ, પ્રથા અથવા કોઈ લેખ હોય તે છતાં, આ અધિનિયમની જોગવાઈઓ અમલી બનશે.

અધિનિયમનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવાની સરકારની ફરજ.

૨૧. (૧) કેન્દ્ર સરકાર આ અર્થે કરે તેવા નિયમોને અધીન રહીને, રાજ્ય સરકારે, આ અધિનિયમના અસરકારક અમલ માટે જરૂરી હોય તેવા પગલાં લેવાં જોઈશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા વિના, આવાં પગલાંમાં નીચેનાનો સમાવેશ થશે,—

(૧) અત્યાચારનો ભોગ બનેલ વ્યકિતઓ ન્યાય મેળવી શકે તે માટે કાનૂની સહાય સહિત પૂરતી સગવડો માટેની જોગવાઈ;

(૨) આ અધિનિયમ હેઠળ ગુનાના અન્વેષણ અને ઈન્સાફી કાર્યવાહી દરમિયાન, અત્યાચારનો ભોગ બનેલી વ્યકિતઓ સહિત, સાક્ષીઓના મુસાફરી અને ખોરાકી ખર્ચ માટેની જોગવાઈ;

(૩) અત્યાચારનો ભોગ બનેલી વ્યકિતઓના આર્થિક અને સામાજિક પુનરૂત્થાન માટેની જોગવાઈ;

(૪) આ અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘન માટેની ફરિયાદી કાર્યવાહી ઉપર દેખરેખ શરૂ કરવા અને રાખવા માટે અધિકારીઓની નિમણૂક;

(૫) એવાં પગલાં લેવાની ગોઠવણ કરવામાં અને અમલ કરવામાં રાજય સરકારને સહાય કરવા માટે તે સરકારને યોગ્ય લાગે તેવી યોગ્ય કક્ષાએ સમિતિઓની રચના;

(૬) આ અધિનિયમની જોગવાઈઓનો વધુ સારો અમલ કરવા માટેનાં પગલાં સૂચવવા માટે, આ અધિનિયમની જોગવાઈઓની કાર્યરીતિની મુદતે-મુદતે મોજણી માટેની જોગવાઈ;

(૭) જયાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યો અત્યાચારનો ભોગ બનવાનો સંભવ હોય તે વિસ્તારોની ઓળખ અને એવા સભ્યોની સલામતી નિશ્ચિત કરી શકાય તેવાં પગલાં લેવા બાબત.

(૩) કેન્દ્ર સરકાર પેટા-કલમ (૧) હેઠળ રાજય સરકારોએ લીધેલાં પગલાંના સંકલન માટે જરૂરી હોય તેવાં પગલાં લેશે.

(૪) કેન્દ્ર સરકારે આ કલમની જોગવાઈઓ અનુસાર, પોતે અને રાજય સરકારોએ લીધેલાં પગલાં ઉપરનો રિપોર્ટ દર વર્ષે સંસદના દરેક ગૃહના મેજ ઉપર મૂકવો જોઈશે.

**શુધ્ધબુધ્ધિથી લીધેલા પગલાં અંગે રક્ષણ.**

૨૨. આ અધિનિયમ હેઠળ શુધ્ધબુધ્ધિથી કરેલા કે કરવા ધારેલા કોઈ કાર્ય માટે, કેન્દ્ર સરકારની સામે અથવા રાજય સરકારની સામે અથવા સરકારના કોઈ અધિકારી અથવા કોઈ સત્તાધિકારી અથવા કોઈપણ બીજી વ્યકિત સામે, કોઈ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

**નિયમો કરવાની સત્તા.**

૨૩. (૧) કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ કરેલા દરેક નિયમને, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, સંસદનું સત્ર ચાલુ હોય ત્યારે સંસદના દરેક ગૃહ સમક્ષ, એક જ સત્રમાં અથવા લાગલગાટ બે અથવા વધારે સત્રોમાં મળીને, કુલ ત્રીસ દિવસ મુદત સુધીમાં મૂકવો જોઈશે અને તે ઉપર્યુકત સત્ર અથવા લાગલગાટ સત્રોની તરત પછીનું સત્ર પૂરૂં થતાં પહેલાં, બંને ગૃહો તે નિયમમાં કોઈ ફેરફાર કરવા સંમત થાય અથવા બન્ને ગૃહો એમ સંમત થાય કે તે નિયમ કરવો જોઈએ નહિ તો, તે નિયમ ત્યાર પછી, યથા પ્રસંગ,એવા ફેરફાર કરેલ સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા અમલમાં રહેશે નહિ પણ એવો ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી, તે નિયમ હેઠળ અગાઉ કરેલા કોઈ કૃત્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

---